GJBK130004882025

રજુ તારીખ : ૨૮/૦૩/૨૦૨૫
દાખલ તારીખ : ૨૮/૦૩/૨૦૨૫
ફેંસલ તારીખ : ૧૭.૦૩.૨૦૨૬
**અવધિ:**.. વર્ષ. ૧૧ માસ. ૨૦ દિવસ .

**આંક :- ૩૫**

**દાંતીવાડાના મહે.જયુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**
**મું. દાંતીવાડા.**

**ફોજદારી કેસ નં. ૪૨૧/૨૦૨૫**

ધી સ્ટેટ ઓફ ગુજરાત વતી, ... **ફરીયાદી**
વી.એસ.ચૌધરી,
ખેતી અધિકારી, દાંતીવાડા.
C/O - નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ)ની કચેરી,
જોરાવર પેલેસ, તા.પાલનપુર, જી.બ.કાં.

**:: વિરૂધ્ધ ::**

૧) **શ્રીનાથ ટ્રેડીંગ કું..વિક્રેતા પેઢી,** ... **આરોપી**
દુ.નં.૧ થી ૭ દિવ્યતેજ કોમ્પ્લેક્ષ, BSF કંપની સામે, મેઈન રોડ, દાંતીવાડા કોલોની, તા.દાંતીવાડા, જી- બનાસકાંઠા

૨) **જવાબદાર વ્યકિત :**
DINESHBHAI DEVABHAI CHAUDHARI, BHACHALVA GUJARAT-385535 TA- DEESA, DIST-BANASKANTHA,

૩) KAVERI SEED COMPANY LTD.,**ઉત્પાદક કંપની**
513-B, 5th FLOOR, MENERVA COMPLEX, SECUNDERABAD-500003, TELENGANA, INDIA

૪) **જવાબદાર વ્યકિત :**
S/O VISHNUBHAI PATEL, 31, PATEL FAIL, VIRAVADA, SABARKANTHA, VIRAVADA, GUJARAT.383001

**<u>ગુન્હો</u> :– બિયારણ નિયમો –1968 ના નિયમ 10 તથા બિયારણ અધિનિયમ –1966 ની કલમ 6(ક) તેમજ 7(ખ) નો ભંગ થતાં આજ કાયદાની કલમ –19 હેઠળની શિક્ષા થાય તે માટેની ફરીયાદ.**

**શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.મોર.**

**બચાવપક્ષ નં. ૧ થી ૪ તરફે વિ.વ.શ્રી : બી.સી.બારોટ**

**–: <u>ઠરાવ</u> :–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીએ **<u>આરોપી નં. ૧</u>**–(શ્રીનાથ ટ્રેડીંગ કુ.) ની મુલાકાત તેમજ ઈન્સપેક્શન દરમ્યાન તેમના કબજાના **<u>આરોપી નં.૩</u>**( KAVERI SEED COMPANY LTD.) TELANGANA દ્વારા ઉત્પાદિત HYBRID BAJRA, જાતઃKPH 6277, વર્ગ– ટુથકુલ લેબલ, લોટ નં. KLE212497K, ડેટ ઓફ ટેસ્ટ 23.04.2024 મુદત પુરી થતી તારીખ 22.01.2025 પેકીંગ 1.5 કિ.ગ્રા. લેબલ ઉપર સ્કુરણશકિત (GERMINATION) ના ટકા–75 ટકા, ભૌતિક શુદ્ધતાના ટકા–98 ટકા, આનુવંશિક શુદ્ધતાના ટકા–95 ટકા, **<u>આરોપી નં. ૩:–</u>**ઉત્પાદક–KAVERI SEED COMPANY LTD ના 40 પેકેટ * 1.5 કિ.ગ્રા. ના જથ્થામાંથી બિયારણ અધિનિયમ–1966 ની જોગવાઈઓ મુજબ પૃથ્થકરણ હેતુ અર્થે નમુના નંબર 27/2024–25 તા.21.06.2024 થી નમુનો લઈ ગાંધીનગર ખાતેની અધિકૃત બીજ ચકાસણી પ્રયોગશાળાને મોકલી આપતાં તેઓના સંદર્ભપત્ર મુજબના પૃથ્થકરણ અહેવાલ અનુસાર નમુનામાં આનુવંશિક શુદ્ધતા( GENETIC PURITY) ના ટકાની ચકાસણી કરતાં નમુનામાં આનુવંશિક શુધ્ધતા (GINETIC PURITY) ના ટકા 95 ટકા, ના બદલે 35 ટકા માલુમ પડતાં નમુનો બિન–પ્રમાણિત જાહેર થયેલ છે. ત્રણ નમુના લેવામાં આવેલ જેમાંથી એક શીલબંધ ભાગ તમો **<u>આરોપી નં.૧–</u>**(શ્રીનાથ ટ્રેડીંગ કુાં) ની તમો (**<u>આરોપી નં.૨–</u>**જવાબદાર વ્યકિત)ને સ્થળ ઉપર જ આપવામાં આવેલ, બીજો સીલ બંધ ભાગ ઉપર મુજબ બિયારણ ચકાસણી પ્રયોગશાળા, ગાંધીનગરને પૃથ્થકરણ અર્થે મોકલી આપેલ. જ્યારે ત્રીજો

સીલબંધ ભાગ બિયારણ અધિનિયમ–1966 ની કલમ–15 ની પેટા કલમ(2) ના ખંડ(ગ) મુજબ આ સાથે રજુ કરવામાં આવેલ છે.

ઉપર પ્રમાણે ચકાસણી/પૃથ્થકરણ અર્થે મોકલેલ નમુનામાં બિયારણ ચકાસણી પ્રયોગશાળા, ગાંધીનગરના પૃથ્થકરણ અહેવાલ ક્રમાંકઃ–NO.S.T.L./Tech–1/7623–7626/2024 Date–12–11–2024 અનુસાર આનુવંશિક શુધ્ધતા (GENETIC PURITY) નાં 95 ટકા ના બદલે 35 ટકા માલુમ પડતાં નમુનો આનુવંશિક શુદ્ધતામાં બિનપ્રમાણિત/ નાપાસ જાહેર થયેલ છે. બિયારણના કન્ટેઈનર્સ/ લેબલ ઉપર ગેરરસ્તે દોરનારૂ લખાણ હોવું તથા બિયારણ અધિનિયમ હેઠળ ઠરાવેલ આનુવંશિક શુદ્ધતા ન ધરાવતાં બિયારણનું ઉત્પાદન/વેચાણ કે પુરૂ પાડવામાં બિયારણ નિયમો –1968 ના નિયમ 10 તથા બિયારણ અધિનિયમ –1966 ની કલમ 6(ક) તેમજ 7(ખ) નો ભંગ થતાં આજ કાયદાની કલમ –19 હેઠળની શિક્ષાને પાત્ર ગુનો બને છે. બિયારણ ચકાસણી પ્રયોગશાળા, ગાંધીનગર પૃથ્થકરણ અહેવાલની નકલ સામેલ છે.

આ અંગે તમો **આરોપી નં. ૧(શ્રીનાથ ટ્રેડીંગ કું–વિક્રેતા)**ને પૃથ્થકરણ અહેવાલની નકલ સહિત ખુલાસો કરવા માટે કારણદર્શક નોટીસો આપવામાં આવેલ હતી અને **આરોપી નં. ૩(KAVERI SEED COMPANY LTD.–ઉત્પાદક કંપની/વેચાણ કર્તા) ને** પૃથ્થકરણ અહેવાલની નકલ સહિત કારણદર્શક નોટીસ મોકલી આપવામા આવેલ હતી. જે અનુસંધાને તમો **આરોપી નં. ૧(શ્રીનાથ ટ્રેડીંગ કું)** એ ખુલાસો રજુ કરેલ તથા **આરોપી નં. ૩(KAVERI SEED COMPANY LTD.–ઉત્પાદક કંપની/વેચાણ કર્તા)** એ ખુલાસો રજુ કરેલ હતો. સદર ખુલાસાઓની નકલ સહિત સદર પેઢી/કંપની તથા એમના જવાબદારો સામે કોર્ટ કેસ કરવાની મંજુરી અર્થે દરખાસ્ત માન. ખેતી નિયામકશ્રી, ગુ.રા. ગાંધીનગરને મોકલી આપેલ અને માન. ખેતી નિયામકશ્રી ગુ.રા.ગાંધીનગરની કચેરી કાર્યાલય આદેશ જા.નં. આઈક્યું/ક્યુસી–3/બિ.કો.કે./360/19974–978/2025 તા.25.03.2025 થી સદર કેસમાં કોર્ટ રાહે પગલાં લેવાની મંજુરી મળેલ હતી.

આમ, તમો તહોમતદાર નં. ૧ અને ૪ નાઓએ આવી હલકી કક્ષાના બિયારણનું ઉત્પાદન કરવાનું/વેચાણ માટે રાખવાનું /વેચવાનું /વેચાણ માટે પુરૂ પાડવાનું ગુનાહિત કૃત્ય કરી બિયારણ બિયારણ નિયમો –1968 ના નિયમ 10 તથા બિયારણ અધિનિયમ –1966 ની કલમ 6(ક) તેમજ 7(ખ) નો ભંગ થતાં આજ કાયદાની કલમ –19 હેઠળની શિક્ષાને પાત્ર આ ન્યાયાલયના અધિકાર નીચે આવી શકે તેવો ગુનો કરેલ છે.

(૨) આરોપીઓને નામદાર કોર્ટ ધ્વારા સમંસ કરવામાં આવેલ જે આરોપીઓને ધારાસર બજતાં, તેઓ નામદાર કોર્ટ સમક્ષ હાજર થયેલા. ત્યાર બાદ આરોપીઓનું તહોમતનામું ફરમાવી તેનું નિવેદન નોંધેલ છે. જેમાં તેઓએ ગુના સબબનો ઈન્કાર કરેલો. જેથી સદર કામ ફરિયાદપક્ષ ના પુરાવાના તબકકે રાખવામાં આવેલું. ત્યારબાદ પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

***<u>મૌખિક પુરાવો</u>***

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી–વર્ષાબેન શિવાભાઈ ચૌધરીની જુબાની | ૦૯ |
| ૨. | નરેશભાઇ હરજીભાઇ ઢેપાની જુબાની | ૨૬ |
| ૩. | વિશેષભાઇ હીરાભાઇ ખરાદીયાની જુબાની | ૩૧ |

***<u>દસ્તાવેજી પુરાવો</u>***

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ગુજરાત સરકાર, કૃષિ ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગનો નિમણુક પત્ર | ૧૦ |
| ૨. | કાર્યાલય આદેશ | ૧૧ |

| | | |
|---|---|---|
| ૩ | જાહેરનામું | ૧૨ |
| ૪ | નોટીસ | ૧૩. |
| ૫ | નમુનો લેવા અંગેની યાદી | ૧૪. |
| ૬ | નમુનો પૃથ્થકરણ લેવા માટે કરેલ યાદી | ૧૫ |
| ૭ | શીલબંધ નમુનો | ૧૬ |
| ૮ | પૃથ્થકરણ અહેવાલ | ૧૭ |
| ૧૦ | શ્રી નાથ ટ્રેડીંગ કંપનીને આપેલ નોટીસ | ૧૮ |
| ૧૧ | કાવેરી સીડસ ને આપેલ નોટીસ | ૧૯ |
| ૧૨ | શ્રી નાથ ટ્રેડીંગ કંપનીનો ખુલાસો | ૨૦ |
| ૧૩ | કાવેરી સીડસ  કંપનીનો ખુલાસો | ૨૧ |
| ૧૪ | કોર્ટ કેસ કરવાની પરવાનગીનો પત્ર | ૨૨ |
| ૧૫ | કાર્યાલય આદેશ | ૨૩ |
| ૧૬ | ફરીયાદ | ૨૪ |

(૪) પુરાવાના તબકકે આ કામે ફરીયાદપક્ષ તરફે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે. જેની વિગતે ચર્ચા મુદ્દાના નિર્ણયોના કારણોમાં કરવામાં આવેલ છે.

(૫) ફરીયાદપક્ષે આ કામે વધુ કોઈ પુરાવા તપાસવા માંગતા ન હોઈ ફરીયાદપક્ષે મૌખિક વિનંતીથી પુરાવો બંધ કરવામાં આવેલ છે.

( ૬ ) આ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

:: મુદ્દા ::

૧. શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપી નં. ૧ થી ૪ વાળાઓએ બિયારણ નિયમો – 1968 ના નિયમ 10 તથા બિયારણ અધિનિયમ – 1966 ની કલમ 6(ક) તેમજ 7(ખ) નો ભંગ થતાં આ જ કાયદાની કલમ –19 હેઠળની શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે.?

૨. શું હુકમ ?

( ૭ ) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ આપવામાં આવે છે.

:: નિર્ણયો ::

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

( ૮ ) ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ આપવામાં આવે છે.

:: કા ર ણો ::

**મુદ્દા નં. ૧**

૮.૧) ફરીયાદપક્ષે આંક–૦૯ થી ફરીયાદી વર્ષાબેન શીવાભાઈ ચૌધરીને તપાસવામાં આવેલા છે. તેમાં તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, હું ખેતીવાડી અધીકારી તરીકે દાંતીવાડા ફરજ બજાવુ છું. મારી ફરજમાં દાંતીવાડા અને અમીરગઢ તાલુકા આવે છે અને દવા, ખાતર , બિયારણ અંગેના જે દુકાનોના લાયસન્સ અમારી ઓફિસ દ્વારા આપેલ હોય છે તે તમામ ના વર્ષમાં ત્રણ વાર એક એગ્રો સેન્ટર ઉપર ફરજીયાત રૂબરૂ તપાસણી કરવાની હોય છે અને ત્યાં જઈ ખાતર, દવા, બિયારણમાં ભેળસેળ તથા ક્વોલીટી ચેકીંગની કામગીરી કરવાની હોય છે. મારી નિમણુક ગુજરાત સરકાર દ્વારા કૃષિ ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા સને 2021 માં થયેલી. જેનો અધિસુચના ક્રમાંક કૃષમ–1221–100–ક.1 તા.19/08/21 થી થયેલ હતી. અને તેમાં મારો મેરીટ ક્રમાંક 66 મો છે. જે હુકમ અસલ હું આજ

રોજ લાવેલ છું તેમાંથી ઝેરોક્ષ હુ આજ રોજ રજુ કરુ છું. જે રજુ દા.આંક.10 આપવામા આવે છે.

મારી નિમણુક દાંતીવાડા ખાતે સંયુક્ત ખેતી નિયામકશ્રી(વિસ્તરણ), મહેસાણા વિભાગ ના કાર્યાલય આદેશ નંબર JDA/0014/03/2023 તા.31/03/23 થી સીડ ઇન્સપેક્ટર, ઇન્સેક્ટી સાઇડ ઇન્સપેક્ટર અને ફર્ટીલાઇઝર ઇન્સપેક્ટર દાંતીવાડા તરીકે કામગીરી કરવા આદેશ કરેલો. જેની અસલ હું આજ રોજ લાવેલ છું તેમાંથી ઝેરોક્ષ હુ આજ રોજ રજુ કરુ છું. જે દા.આંક.11 આપવામા આવે છે.

ખેતી અધિકારી દાંતીવાડાની બીયારણ અધિનિયમ 1966 ની કલમ 13(1) હેઠળ નામદાર ગુજરાત સરકારશ્રીના જાહેરનામા ક્રમાંક GHKH-18-2018-IST-10-2016-63-K-6 તા.16.01.2018 ના અનુક્રમ નંબર 20 મુજબ બનાસકાંઠા જીલ્લાના દાંતીવાડા તાલુકા માટે સીડ ઇન્સપેક્ટર તરીકે કાયદેસરની નિમણુક થયેલ છે. બિયારણ અધિનિયમ 1966 ની કલમ 14 ની જોગવાઇઓ પ્રમાણે અમો ફરીયાદીને મળેલ સત્તાની રૂએ સીડ ઇન્સપેક્ટર તરીકેની કાર્યવાહી કરીએ છીએ અને આજ કાયદા પ્રમાણે અમોને ફરીયાદીના હક્કો અને ફરજો નિયુક્ત થયેલા છે. જેના જાહેરનામાની અસલ હું લાવેલ છું. જેની નકલ હું આજ રોજ રજુ કરુ છું.જે દા.આંક.12 આપવામા આવે છે.

સદર ફરીયાદની વિગત એવી છે કે, ખેતી અધિકારી દાંતીવાડા વી.એસ.ચૌધરી ની શ્રીનાથ ટ્રેડીંગ કુાં. દુકાન નંબર 1 થી 7 દિવ્ય તેજ કોમ્પલેક્ષ બી.એસ. એફ. કેમ્પની સામે મેઇન રોડ દાંતીવાડા કોલોની તા.દાંતીવાડા, જી.બ.કાં. ની તા.21/06/24 ની મુલાકાત તેમજ ઇન્સપેક્ષન દરમિયાન તેમના કબજાની કાવેરી સીડ્સ કંપની લીમીટેડ તેલંગણા દ્વારા ઉત્પાદિત હાઇબ્રીડ બાજરા KPH 6277 વર્ગ ટ્રુથફુલ લેબલ લોટ નંબર KLE 212497K DATE OF TEST 23.04.2024 મુદત પુરી થતી તારીખ 22.01.2025 , પેકીંગ દોઢ કિલો(1.5 K.G.) લેબલ ઉપર સ્ફુરણ શક્તિના ટકા 75 ટકા, ભૌતિક શુદ્ધતાના ટકા 98 ટકા, આનુવંશિત શુદ્ધતાના ટકા 95 ટકા, ઉત્પાદક કાવેરી સીડ્સ કંપની લીમીટેડ 513-B

5TH FLOOR, મિનરવા કોમ્પલેક્ષ , એસ.બી.રોડ, સિકંદરાબાદ – 500003, તેલંગણા (ઇન્ડીયા) ના ચાલીસ પેકેટ * દોઢ કિ.ગ્રાના જથ્થામાંથી બિયારણ અધિનિયમ 1966 ની જોગવાઇઓ મુજબ પૃથ્થકરણ હેતુ અર્થે નમુના નંબર 27/2024–25 તા.21.06.2024 થી નમુનો લીધેલો જે નમુનો લેવાની નોટીસ હું આજ રોજ રજુ કરુ છું. જેમાં ખેતીવાડી અધીકારી તરીકે મારી સ હી અને હોદ્દાનુ સીલ છે, તેમજ શ્રીનાથ ટ્રેડીંગ કંપનીની પ્રોપરાઇટરની સહી અને તેમનું શીલ છે. જે રજુ દા.આંક.13 આપવામાં આવે છે. તેમજ સદરહું નમુનો ત્રણ પ્રતમાં લીધેલો જેમાં એક શીલબંધ નમુનો શ્રીનાથ ટ્રેડીંગ કુાં. દાંતીવાડાના જવાબદાર વ્યકિતને સ્થળ પર જ આપવામા આવેલો. જેમાં તેમની સહી અને શ્રીનાથ ટ્રેડીંગ કુ. નું શીલ કરાવેલું. તેમજ મેં ખેતીવાડી અધિકારી તરીકે હોદ્દાનું શીલ અને સહી કરેલ. જે હુ ઓળખુ છું. જે રજુ દા.આંક.14 આપવામાં આવે છે.

બીજો શીલ બંધ ભાગ બિયારણ ચકાસણી પ્રેયોગશાળા ગાંધીનગરને પૃથ્થકરણ અર્થે મોકલી આપેલ. જેમાં મારા ખેતીવાડી અધિકારી તરીકે હોદ્દાનું શીલ અને સહી કરેલ. જે હુ ઓળખુ છું. જે રજુ દા.આંક.15 આપવામાં આવે છે.

હું આજ રોજ મારી સાથે ત્રીજો શીલબંધ ભાગ બિયારણ અધિનિયમ 1966 ની કલમ 15 ની પેટા કલમ (2) ના ખંડ (ગ) મુજબ આ સાથે રજુ કરુ છું. જે નમુનામાં મેં દોરીથી બાંધી તેના પર લાખથી ચાર શીલ કરેલા છે , અને તેની અંદર મેં કંપનીના સહી સિક્કા કરાવેલા તેમજ મારા હોદ્દાનું શીલ તેમજ સહી કરેલ છે જે હુ ઓળખુ છું. જે રજુ દા.આંક.16 આપવામા આવે છે.

ઉપર પ્રમાણે ચકાસણી /પૃથ્થકરણ અર્થે મોકલેલ નમુનામાં બિયારણ ચકાસણી પ્રયોગશાળા ગાંધીનગરના પૃથ્થકરણ અહેવાલ ક્રમાંક NO.S.T.L./Tech–1/7623–7626/2024 Date.12.11.2024 અનુસાર આનુવંશિક શુદ્ધતાના 95 ટકાના બદલે 35 ટકા માલુમ પડતાં નમુનો આનુવંશિક શુદ્ધતામાં બિનપ્રમાણિત જાહેર થયેલ છે. જેનો પૃથ્થકરણ અહેવાલ હુ આજ રોજ રજુ કરુ છું.જે રજુ દા.આંક.17 આપવામાં આવે છે.

ત્યારબાદ અમોએ અમારા હોદ્દાની રૂએ શ્રીનાથ ટ્રેડીંગ કું. ને રૂબરૂ આપેલી. જે નોટીસમાં મારી સહી તેમજ હોદ્દાની સહી અને સિક્કો છે તેમજ આ નકલ શ્રીનાથ ટ્રેડીંગ કું ને મળી ગયેલ છે તે બાબતે શ્રીનાથ ટ્રેડીંગ કું.ના પ્રોપરાઇટરે શ્રીનાથ ટ્રેડીંગનું શીલ તથા પોતાની સહી કરેલ છે. જે રજુ દા.આંક.18 આપવામાં આવે છે. તેમજ કાવેરી સીડસ કંપનીને તા.3/12/2024 ના રોજ રજીસ્ટર પો.એડી.થી નોટીસો આપેલી. જે આજ રોજ રજુ કરુ છું. જેમાં મારા હોદ્દાની સહી અને સિક્કો છે.જે રજુ દા.આંક.19 આપવામાં આવે છે.

ત્યારબાદ શ્રીનાથ ટ્રેડીંગ કું. એ તા.16.12.2024 ના રોજ અમારી નોટીસનો ખુલાસો આપી પોતે આ નોટીસમાં રીએનાલીસીસ્ટ કરવા માંગતા નથી.જે હું આજ રોજ રજુ કરુ છું. જે રજુ દા.આંક.20 આપવામાં આવે છે.કાવેરી સીડ્સ કંપનીએ અમારી આપેલી નોટીસનો તા.16.12.24 નારોજ જવાબ આપેલો. તે જવાબ માં તેઓએ વિંનતી કરેલી કે, અમારી સામે કોઇ એક્શન લેશો નહી, તેવું જણાવેલ હતું જે હું આજ રોજ રજુ કરુ છું. જે રજુ દા.આંક.21 આપવામાં આવે છે.તેઓએ પોતાના જવાબના સાથે બીલો તેમજ લાયસન્સની કોપી પણ મોકલાવેલ હતી. તેઓની નોટીસના જવાબો સામે કોર્ટ કેસ કરવાની મંજુરી અર્થે મેં નાયબ ખેતી નિયામક શ્રી (વિ.) ની કચેરી પાલનપુરને દરખાસ્ત મોકલી આપેલી તેમજ નાયબ ખેતી નિયામક શ્રી વિ.એ ખેતી નિયામકશ્રી ગુજરાત રાજ્ય કૃષિવિભાગને આ અંગેની દરખાસ્ત મોકલી આપેલી જે હુ આજ રોજ રજુ કરુ છું. જે રજુ દા.આંક. 22 આપવામાં આવે છે.ત્યારબાદ માનનીય ખેતી નિયામકશ્રી ગુજરાત રાજ્ય ગાંધીનગરની કચેરીના કાર્યાલય આદેશ જા.નં.આઇક્યુ/ક્યુસી–3/બી.કો.કે. /360/ 19974–978/2025 તા.25.3.25 થી સદર કેસમાં કોર્ટ રાહે પગલા લેવાની મંજુરી મળેલી છે. જે હુકમ હું આજ રોજ રજુ કરુ છું. જે રજુ દા.આંક .23 આપવામાં આવે છે અને તે અન્વયે મેં નામદાર કોર્ટમાં લેખીત ફરીયાદ દાખલ કરેલી. જેમાં મારી સહી અને શીલ છે. જે હું ઓળખુ છું. જે રજુ દા.આંક. 24 આપવામાં આવે છે.

આરોપી નં. ૧ ના જવાબદાર વ્યર્કિત આજ રોજ નામદાર કોટમાં હાજર છે. જ્યારે આરોપી કાવેરી સીડ્સ કંપની ના જવાબદાર વ્યકિત હાજર નથી. ઓળખની તકરાર નથી.

સદર ફરીયાદીની બચાવપક્ષ તરફેના વિ.વ.શ્રી તરફથી કરવામાં આવેલ ઉલટતપાસ માં તેઓએ કબુલ રાખેલ છેકે,

સવાલ– તમે સેમ્પલ કઇ તારીખે લીધેલું.

જવાબ– તા.21.06.2024 .

સવાલ– તમે જે સેમ્પલ લીધેલ તે સ્થળ પર સેમ્પલ ઉપર બ્રાસ સીલ , પેપર સીલ કે અન્ય કોઇ સીલ લગાવેલ કે નહિ?

જવાબ– નમુનો 6, નમુના 8 , બધા પર તેમના સરનામાનો સિક્કો તેમજ પ્રોપરાઇટરનો સિક્કો તેમજ તેમની સહી લીધેલી છે.

એ વાત ખરી છે કે, જે સેમ્પલ લીધેલ તેમની પાવતી મેં સામાવાળાને આપેલ હતી.

સાહેદ વધુમાં જણાવે છે કે, અમારે પાવતી આપવાની થતી હતી. તેમને નમુનો 6 અને નમુનો 8 ની નકલ આપવાની થાય છે. જે મેં આપેલ હતી.

એ વાત ખરી છે કે, હાલના કામે મેં સીડસ ઇન્સપેક્ટરનું કોઇ સર્ટીફીકેટ રજુ કરેલ નથી.

સવાલ– શુ તમે પ્લાન્ટ બ્રીડીંગનો અનુભવ ધરાવો છો?

જવાબ– હું નોલેજ ધરાવુ છું.અમો બી.એસ.સી. એગ્રીકલ્ચરલ કરેલ હોય તેમાંથી પ્લાન્ટ બ્રીડીંગના વિષય હોય તે અંતર્ગતનું નોલેજનો અનુભવ છે.

સવાલ– તમે એમ.એસ.સી. બ્રીડીંગમાં પોસ્ટ ગ્રેજ્યુએટ કરેલું?

જવાબ– અમે એમ.એસ.સી. નથી કરેલું.

સવાલ– તમે નમુનાના ટેસ્ટમાં ઓબ્ઝર્વેશન માટે ગયેલા છો?

જવાબ– ટેસ્ટનું ઓબ્ઝર્વેશન બીજ ચકાસણી પ્રયોગશાળા ગાંધીનગર ખાતે પૃથ્થકારશ્રી દ્વારા કરવામા આવેલ છે. અમારે એમાં ઓબ્ઝર્વેશન કરવાનું હોતું નથી.

સવાલ– આ કામે તમે મોર્ફોલોજીકલ કેરેક્ટર અને ફોટોગ્રાફ રજુ કરેલ નથી?

જવાબ– ના.

સવાલ– આ કામે જે લેબમાં ટેસ્ટીંગ કરતા હોય અને જેને પુરતો અનુભવ ન હોય તો ટેસ્ટીંગમાં તફાવત આવે?

જવાબ– હું કહી શકું નહી.

એ વાત ખરી છે કે, અમે જે સેમ્પલ લીધેલાં તે એક્સપાઈર થયેલા ન હતાં.

એ વાત ખરી નથી કે, અમે જે સેમ્પલ એનાલીસીસના રીપોર્ટ આવેલા તેની કોપી આરોપીઓને આપવામાં આવેલ નથી.

એ વાત ખરી છે કે, અમે જે નોટીસો આપેલી તેમાં લેખિત જવાબમાં આરોપીઓએ બીલો રજુ કરેલા છે.

સવાલ– કોઈપણ કંપની પોતાના પ્રોડક્ટ માર્કેટમાં મુકે તેના પહેલાં લેબોરેટરીમાં ચકાસણી કરાવે છે?

જવાબ– એ વાત હું કહી શકુ નહી.

એ વાત ખરી છે કે, અમારા દ્વારા કાવેરી સીડ્સ ને આપેલી નોટીસના જવાબમા તેણે જવાબ સાથે કંપનીએ પોતાનો એનાલીસીસ રીપોર્ટ પણ મોકલેલ હતો.

એ વાત ખરી છે કે, લેબમાં જે સેમ્પલ મોકલવામા આવે છે તેનો રીપોર્ટ ત્રીસ દિવસમાં આવવો જોઈએ.

એ વાત ખરી છે કે, આ રીપોર્ટ ત્રીસ દિવસમાં પરત આવેલ નથી.

સવાલ– શું બીજનું એક્સાપયરી ડેટ 22.01.2025 છે , તમે તેની ફરીયાદ તા.28.03.2025 ના રોજ કરેલી?

જવાબ– મંજુરી આવતાં ફરીયાદ દાખલ કરેલી.

સવાલ– બીજના સેમ્પલનું વજન (કાર્યક્ષમતા) સમાપ્ત થયા પછી ફરીયાદ દાખલ કરેલી?

જવાબ– કંપની દ્વારા જે વેલીડીટી (એક્સપાયરી) તારીખ જે આપવામા આવેલી છે તે બાજરીના જર્મીનેશનને લઈને આપવામા આવે છે. જ્યારે તેમનું સેમ્પલ આનુવંશિક શુદ્ધતા (જીનેટીક પ્યોરીટી) બિનપ્રમાણિત થયેલ છે. અને જીયોટી ટેસ્ટ થવામાં ત્રીસ દિવસ થી વધારે સમય લાગે છે તે તેને અને વેલીડીટીને કોઈ લેવા દેવા નથી.

સવાલ– આવા સંજોગોમાં ફરી પરિક્ષણ કરવાનો આરોપીનો અધિકાર છીનવાય જાય છે?

જવાબ– નમુનો બિન પ્રમાણિત થતાં અમારા દ્વારા તા.3/12/2024 ના રોજ કારણ દર્શક નોટીસ આપવામાં આવેલ. જેની અંદર મુદ્દા નં. 5 તેમને જણાવવામાં આવેલ છે કે, જો તેઓ પૃથ્થકરણ અહેવાલની વિરુધ્ધમાં રીએનાલીસીસ કરાવવા માંગતા હોય તો નામદાર સાહેબની કોર્ટમાં આવીને લેખિત કાર્યવાહી કરવાની હોય છે જેની અમોએ જાણ કરેલ છે.

એ વાત ખરી નથી કે, આરોપી ફરી પરિક્ષણ માટે નમુનો લેબમાં ન મોકલી શકે તેટલા માટે તમે બીજ એક્સપાયરી તારીખ પસાર થઇ ગયા પછી ફરીયાદ દાખલ કરેલ છે.

એ વાત ખરી છે કે, શ્રીનાથ ટ્રેડીંગ કું. અને કાવેરી સીડ્સ કંપની ને સેમ્પલ અપ્રમાણિત થયા અંગેની નોટીસ તા.3/12/2024 ના રોજ આપેલી.

એ વાત ખરી છે કે, અમો કોર્ટમાં દાખલ કરેલ ફરીયાદમાં મંજુરીની દરખાસ્ત ની તા.30.11.2023 લખેલ છે.

સાહેદ જણાવે છે કે, ટાઇપીંગ મિસ્ટીંગ થયેલ છે.

એ વાત ખરી છે કે, અમે ટાઇપીંગ મિસ્ટીંગ બાબતે કોઇ લેખિત ખુલાસો કરેલ નથી પરંતુ હુ આજ રોજ જુબાનીમાં જણાવુ છું.

એ વાત ખરી નથી કે, અમારા ઉપલા અધિકારીના ટાર્ગેટના આધારે આરોપીઓ વિરુધ્ધ ખોટો કેસ કરેલ છે.

૯) ફરીયાદપક્ષે આંક–૦૯ થી સાહેદ નરેશભાઇ હરજીભાઇ ઢેપાની જુબાનીને તપાસવામાં આવેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, હું શ્રીનાથ ટ્રેડીંગ કંપનીમાં મહેતાં તરીકે નોકરી કરતો હતો ત્યારે આશરે બે ત્રણ મહીના પહેલાં ખેતીવાડી અધિકારી વર્ષાબેન આ શ્રીનાથ ટ્રેડીંગ કંપનીમા આવેલા અમારી શ્રીનાથ ટ્રેડીંગ કંપની ખાતર , બિયારણનું સરકારી ધારા ધોરણ મુજબ વિતરણ કરતા હોય તેની ચકાસણી માટે આવેલા અને આ ખેતીવાડી અધિકારીએ અમારા ત્યાં હાજર બીયારણ હાઇબ્રીડ બાજરાનું પૃથ્થકરણ માટે સેમ્પલ લીધેલું. અને આ સેમ્પલ ઉપર મારી તથા બીજા પંચ તરીકે એ ક વ્યકિત હતા જેઓને હુ ઓળખતો નથી . અમારી બંનેની આ

સેમ્પલ પર સહી લીધેલી . તથા શીલ કરેલું. અને તેઓ પોતાની સાથે પૃથ્થકરણ કરવા માટે લઇ ગયેલ હતાં. આ તમામ કાર્યવાહી અમારી હાજરીમાં તેઓએ કરેલ હતી અને ત્યારબાદ અમારી સહીઓ લીધેલી. અને સીડ ઇન્સપેક્ટર તરીકેનું શીલ મારી ખેતીવાડી અધિકારી તરીકે વર્ષાબેને પણ શીલ કરી , સહી કરેલી અને આ નમુના લેવાની એક યાદી અમોને આપેલી. મને આજ રોજ આંક.૧૪ બતાવવામા આવે છે. જેમાં મારી સહી હુ ઓળખી બતાવુ છું.

સદર ફરીયાદીની બચાવપક્ષ તરફેના વિ.વ.શ્રી તરફથી કરવામાં આવેલ ઉલટતપાસ માં તેઓએ કબુલ રાખેલ છેકે, એ વાત ખરી છે કે, ખેતીવાડી અધિકારીએ કયા બિયારણનું સેમ્પલ લીધેલું તેની માહીતી મને નથી.

એ વાત ખરી છે કે, ખેતીવાડી અધિકારીએ કેટલા સેમ્પલ લીધેલા તેની પણ માહીતી મને નથી.

એ વાત ખરી છે કે, જે તે સમયે અમે શ્રીનાથ ટ્રેડીંગમાં નોકરી કરતા હતા ત્યારે આ અધિકારી શ્રીનાથ ટ્રેડીંગમાં આવ્યા અને મને ફક્ત સહી કરવાનું કહેતાં મે ફક્ત સહી જ કરેલી.

એ વાત ખરી છે કે, હાલમાં હું શ્રીનાથ ટ્રેડીંગમાં નોકરી કરતો નથી.

૧૦) ફરીયાદપક્ષે આંક–૩૧ થી સાહેદ વિશેષભાઇ હીરાભાઇ ખરાદીયા ની જુબાનીને તપાસવામાં આવેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, મારે નકળંગ એગ્રોની દુકાન દાંતીવાડા કોલોનીમાં આવેલી છે. હું પેસ્ટીસાઇડ દવા લેવા માટે શ્રીનાથ ટ્રેડીંગ કું.એ ગયેલ હતો ત્યારે ખેતીવાડી અધીકારી વર્ષાબેન ચૌધરી આવેલ હતાં અને તેઓએ સેમ્પલ ની કાર્યવાહી કરતા હતાં તેઓએ કાવેરી બાજરી નું સેમ્પલ લીધેલ હતું અને તે સેમ્પલની પેકીંગ કાર્યવાહી અમારી હાજરીમાં કરી અને ત્યારબાદ તે સેમ્પલ ઉપર સીલ કરી અને સીલ કર્યા બાદ પૃથ્થકરણ કરવા માટે પ્રયોગશાળા ગાંધીનગર મોકલવાનું હોય આ સેમ્પલની તમામ કાર્યવાહી કર્યા બાદ અમારી તથા બીજા પંચ તરીકે નરેશભાઇ હરજીજી ઢેપાની સહીઓ લીધેલી. અને ત્યારબાદ તે જે

સેમ્પલ લીધેલ હતું તેમાં અમારી બંનેની સહીઓ વાળી કાપલી મુકી અને સીડસ ઇન્સપેક્ટર તરીકે પોતાના હોદ્દાનું સીલ મારી ખેતીવાડી અધીકારી તરીકે વર્ષાબેને સાઇન કરેલ હતી. મને આજ રોજ આંક.14 બતાવવામાં આવે છે. જેમાં મારી સહી હું ઓળખી બતાવુ છું. શ્રીનાથ ટ્રેડીંગ કંપનીના માલીક દિનેસભાઇ તે વખતે ત્યાં હાજર હતાં જેઓને જોએથી ઓળખી શકું. જે આજ રોજ નામદાર કોર્ટમાં હાજર નથી. ઓળખની તકરાર નથી.

સદર ફરીયાદીની બચાવપક્ષ તરફેના વિ.વ.શ્રી તરફથી કરવામાં આવેલ ઉલટતપાસ માં તેઓએ કબુલ રાખેલ છેકે,એ વાત ખરી છે કે, મારી હાજરીમાં ખેતીવાડી અધીકારીએ શું સેમ્પલ લીધા તેની મને જાણકારી નથી. એ વાત ખરી છે કે, ખેતીવાડી અધીકારીએ મને સહી કરવાનું કહેતાં મેં સહી કરેલી તે સિવાય હું બીજું કશું જ જાણતો નથી.

## (૧૧) <u>રેકર્ડ પરના પુરાવાઓનું મુલ્યાંકન</u> :–

**૧૧.૧)** ઉપરોકત આ કામે રજુ કરવામાં આવેલ તમામ પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે ફરીયાદી એ હીત ધરાવતા મહત્વના સાહેદ છે. ફરીયાદી એ તેમની જુબાનીમાં ખેતી અધિકારી દાંતીવાડા વી.એસ.ચૌધરી ની શ્રીનાથ ટ્રેડીંગ કુાં. દુકાન નંબર 1 થી 7 દિવ્ય તેજ કોમ્પલેક્ષ બી.એસ. એફ. કેમ્પની સામે મેઇન રોડ દાંતીવાડા કોલોની તા.દાંતીવાડા, જી.બ.કાં. ની તા.21/06/24 ની મુલાકાત તેમજ ઇન્સપેક્ષન દરમિયાન તેમના કબજાની કાવેરી સીડ્સ કંપની લીમીટેડ તેલંગણા દ્વારા ઉત્પાદિત હાઇબ્રીડ બાજરા KPH 6277 વર્ગ ટુથફુલ લેબલ લોટ નંબર KLE 212497K DATE OF TEST 23.04.2024 મુદત પુરી થતી તારીખ 22.01.2025 , પેકીંગ દોઢ કિલ્લો(1.5 K.G.) લેબલ ઉપર સ્કુરણ શક્તિના ટકા 75 ટકા, ભૌતિક શુદ્ધતાના ટકા 98 ટકા, આનુવંશિત શુદ્ધતાના ટકા 95 ટકા, ઉત્પાદક કાવેરી સીડ્સ કંપની લીમીટેડ 513–B 5TH FLOOR, મિનરવા કોમ્પલેક્ષ , એસ.બી.રોડ, સિકંદરાબાદ – 500003, તેલંગણા (ઇન્ડીયા) ના ચાલીસ પેકેટ * દોઢ કિ.ગ્રાના

જથ્થામાંથી બિયારણ અધિનિયમ 1966 ની જોગવાઇઓ મુજબ પૃથ્થકરણ હેતુ અર્થે નમુના નંબર 27/2024-25 તા.21.06.2024 થી નમુનો લીધેલો

ઉપર પ્રમાણે ચકાસણી /પૃથ્થકરણ અર્થે મોકલેલ નમુનામાં બિયારણ ચકાસણી પ્રયોગશાળા ગાંધીનગરના પૃથ્થકરણ અહેવાલ ક્રમાંક NO.S.T.L./Tech-1/7623-7626/2024 Date.12.11.2024 અનુસાર આનુવંશિક શુદ્ધતાના 95 ટકાના બદલે 35 ટકા માલુમ પડતાં નમુનો આનુવંશિક શુદ્ધતામાં બિનપ્રમાણિત જાહેર થયેલ છે અને તેમ કરી આરોપીએ બીયારણ નીયમો-૧૯૬૮ ના નિયમ - ૧૦ તેમજ બિયારણ અધિનિયમ-૧૯૬૬ ની કલમ-૬(ક) તેમજ ૭(ખ) ના ભંગ બદલ આજ કાયદાની કલમ-૧૯ મુજબનો ગુનો કરેલ છે તેવુ જણાવે છે. જયારે ફરી.એ ની આ જુબાનીને સમર્થનકારી એક પણ હકીકતનો પોતાની ઉ.ત. માં સ્વીકાર કરેલ નથી. આમ,ફરીયાદીએ પોતાની જુબાનીને તથા પોતાની ફરીયાદ હકીકતને સમર્થનકારી કોઈ હકીકત પોતાની ઉ.ત.માં જણાવેલ નથી. તેઓની બંને હકીકતોમાં એકબીજાથી વિરોધાભાસી પુરાવો જણાઈ આવતો હોઈ ફરીયાદપક્ષનો પુરાવો શંકા ઉભી કરે છે. આ કામના ફરીયાદી કે જેઓ બનાવ અંગેની ફરીયાદ આપનારા મહત્વ ના સાહેદ હોવા છતાં તેઓ આરોપી વિરૂધ્ધનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલા ન હોઈ આંક-૦૧ ની ફરીયાદ હકીકતનુ આ કામે કોઈ મહત્વ રહેતુ નથી તેવુ આ કોર્ટ માને છે. ઉપરાંત, રેકર્ડ જોતાં કહેવાતા બનાવમાં સદર કામના આરોપીઓએ હલકી કક્ષાના બીયારણનું ઉત્પાદન તથા વેચાણ રાખવાનું તેમજ વેચાણ માટે પુરૂ પાડવાનું ગુનાહીત કૃત્ય કરેલ હોવાનું પુરવાર થાય છે, પરંતુ સદર કૃત્ય આ કામના આરોપીઓએ જ કરેલ છે કે કેમ ? તેવુ પુરવાર કરતો કોઈ સ્પષ્ટ પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોઈ આરોપીઓ સામેનો ગુનો પુરવાર માની શકાય નહી. તે સં જોગોમાં સાંયોગિક પુરાવાઓના અભાવે આરોપી વિરૂધ્ધ મુકેલા આક્ષેપો

મુજબનો ગુન્હો આરોપીએ કર્યા અંગે શંકા ઉત્પન્ન કરે છે. આરોપીએ ગુન્હો કર્યા અંગે થોડી પણ શંકા ઉત્પન્ન થાય તો તેનો સીધો લાભ આરોપીને મળવાપાત્ર છે. વધુમાં, આ કામે મહત્વના પંચ સાહેદો એ પણ પંચનામાની હકીકતને સમર્થન કારક જુબાની આપેલ નથી. પંચ નરેશભાઇ હરજીજી ઢેપા આંક. ૨૬ ની તેમની ઉલટ તપાસમાં કબુલ રાખેલ છે કે, ખેતીવાડી અધિકારીએ કયા બિયારણનું સેમ્પલ લીધેલું તેની માહીતી મને નથી. ખેતીવાડી અધીકારીએ કેટલા સેમ્પલ તેની પણ માહીતી મને નથી. જે તે સમયે અમે શ્રીનાથ ટ્રેડીંગમાં નોકરી કરતા હતા ત્યારે આ અધિકારી શ્રીનાથ ટ્રેડીંગમાં આવ્યા અને મને ફક્ત સહી કરવાનું કહેતાં મે ફક્ત સહી જ કરેલી. આંક. ૩૧ થી વિશેષભાઇ હીરાભાઇએ ખરાદીયાએ પણ તેમની ઉ.ત.માં કબુલ રાખેલ છે કે , મારી હાજરીમાં સેમ્પલ લીધેલાં તેની મને જાણકારી નથી. એ વાત ખરી છે કે, ખેતીવાડી અધિકારીએ મને સહી કરવાનું કહેતાં મેં સહી કરેલી તે સિવાય હું બીજું કશું જ જાણતો નથી. સદર ઉલટ તપાસમાં પંચો દ્વારા કબુલ રાખેલ હકિકતથી પંચનામુ પુરવાર માની શકાય નહી. ફરીયાદીની જુબાની મુજબ પંચનામુ થયેલ તથા ફરીયાદ આપેલ પરંતુ જે પં ચોની હાજરીમાં પંચનામુ થયેલ છે તે પંચ સાહેદ પંચનામાને લેશમાત્ર સમર્થન આપતા નથી અને ફરીયાદીની જુબાનીના સમર્થનમાં અન્ય કોઈ સ્વતં ત્ર સાહેદનો પુરાવો ઉપલબ્ધ થયેલ નથી. આમ, આ કામમાં રજુ થયેલ ફરિયાદપક્ષનો પુરાવો જોવામાં આવે તો આ કામે મહત્વના એવા ફરીયાદી પોતે જ ફરીયાદ હકિકતોને સમર્થન કરતા ના હોય તે સંજોગોમાં ફરીયાદપક્ષનો બાકીનો પુરાવો ગૌણ બની જાય છે. આ કામે આરોપી તરફે કબુલ રાખેલ દસ્તાવેજી પુરાવાઓથી આરોપી સામેનુ તહોમત પુરવાર થઈ શકે નહી. આમ, આ કામના ફરીયાદી પોતે જ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતો પુરાવો રજૂ કરેલ ન હોય તે સંજોગોમાં આ ડોકયુમેન્ટરી એવીડન્સ ઉપર આધાર રાખી આરોપીઓને સજા કરવી વ્યાજબી અને ન્યાયોચીત જણાતુ નથી અને તેથી

આ કામના આરોપી સામે ફરીયાદપક્ષે ખોટો કેસ કરેલો હોવાની આરોપી પક્ષના વિ.વ.શ્રીની દલીલમાં તથ્ય જણાય છે. આમ, રેકર્ડ જોતાં આરોપી વિરૂધ્ધનો અન્ય કોઈ ઠોસ, સબળ, દાર્શનીક પુરાવો ફરીયાદપક્ષે રજુ નથી. અને તેથી ફરીયાદી ના એક માત્ર મૌખિક કથનના આધારે આરોપી સામેનો આરોપ પુરવાર કરી શકાય નહી.

**૧૧.૨)** આમ,ભારતીય પુરાવા અધીનીયમની જોગવાઈઓ ધ્યાને લઈએ તો પ્લીડીંગ, પ્રુવ અને પ્રુફ જે તે પક્ષકારે પ્લીડીંગ કરેલુ હોવુ જોઈએ અને તે પ્લીડીંગના અનુસંધાને દસ્તાવેજી પુરાવો હોવો જોઈએ અને તે મૌખીક પુરાવાથી પુરવાર થવુ જોઈએ અને તેની આસપાસની હકીકતોનું ખંડન ઉલટતપાસમાં થવુ જોઈએ નહી, જયારે હાલના કેસમાં ઉલટતપાસમાં ખંડન થયેલુ છે. આ કામમાં રજુ થયેલ ફરીયાદપક્ષના પુરાવામાં થી આ કામના આરોપી હાલના ગુના સાથે કેવી રીતે સંડોવાયેલા છે અને તે અં ગેનો શુ પુરાવો એકત્ર કરેલો તેવી ઠોસ બંધ હકીકતો નીકળી આવતી નથી. અને તેથી ખરેખર બનાવ વખતે આ કામના આરોપીઓ ઉપર કરવામાં આવેલ આક્ષેપ મુજબ ખરેખર તેઓએ હલકી કક્ષાના બીયારણનું ઉત્પાદન કરવાનું કે વેચાણ માટે રાખવાનું ગુનાહીત કૃત્ય કરેલ છે કે કેમ ? તે બાબતે આ સાહેદ નો પુરાવો ટેકનિકલ પ્રકારનો હોઈ ફરિયાદપક્ષને મદદરુપ થઈ શકે તેમ નથી. આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ સોગંદ પરના પુરાવાથી આરોપીને ગુનામાં સાં કળી શકાય તેવો પુરાવો આવતો નથી.

આમ ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવો જોતાં આરોપી વિરૂધ્ધનો કેસ શંકાથી પર રીતે પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોય,ફરિયાદપક્ષ મુદા નં.૧ ની હકિકતો પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ જતો

હોય મુદા નં.૧નો જવાબ નકારમાં ઠરાવવા માં આવે છે અને મુદ્દા નંબર.૨ અંગે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

–: હુકમ :–

**૧)** આ કામના આરોપીઓને ક્રિ.પ્રો.કો.ક–૨૫૫(૧) અન્વયે બીયારણ નીયમો– ૧૯૬૮ ના નિયમ–૧૦ તેમજ બિયારણ અધિનિયમ–૧૯૬૬ ની કલમ– ૬(ક) તેમજ ૭(ખ) ના ભંગ બદલ આજ કાયદાની કલમ–૧૯ અન્વયેના શિક્ષાને પાત્ર ગુનામાં થી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

**૨)** સદરહું કામના દરેક આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહીતાની કલમ– ૪૩૭ (એ) અન્વયે જો આ ઠરાવ સામે અપીલ થાય તો અપીલના કામે હાજર રહેવા માટે રુ.૧૦,૦૦૦/–ના જામીન અને તેટલી જ રકમનો જાત મુચરકો આપવા.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૭.૦૩.૨૦૨૬
મુકામ : દાંતીવાડા.

(એન.વી.ગુપ્તા)
જ્યુ.મેજી.ફ.ક.,દાંતીવાડા
કોડ નં.જી.જે.૦૧૬૫૦